વાઢેરાને ટાર્ગેટ બનાવતો ભાજપનો વિડિયો

નવી દિલ્હી, તા.૨૭

લોકસભાની ચૂંટણી અંતિમ તબક્કામાં પહોંચી જતાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હવે આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર પણ ચરમસીમાએ પહોંચી ગયો છે.કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ અને પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાઢેરા ઉપર ભાજપે હવે મોટો પ્રહાર કર્યો છે. વાઢેરા ઉપર ભાજપે આ હુમલો એક ફિલ્મી વિડિયો મારફતે કર્યો છે. આ વિડિયોમાં રોબર્ટ વાઢેરાને જમીન કૌભાંડના આરોપી તરીકે દર્શાવવામાં આવ્યો છે. ભાજપના આક્ષેપ બાદ કોંગ્રેસે પણ આકરી પ્રતિક્રિયા આપી છે. છેલ્લા બે ત્રણ દિવસથી પ્રિયંકા ગાંધી ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર તેજાબી પ્રહારો કરી રહી છે. આના જવાબમાં ભાજપે આજે પત્રકાર પરિષદમાં વિડિયો રજૂ કરીને આકરા પ્રહાર કર્યા હતા. સાથે સાથે ભાજપે દામાદ શ્રીના નામથી એક બુકલેટ પણ જારી કરી છે. આ

બુકલેટમાં વાઢેરાને ખોટી રીતે જમીન એકત્રિત કરવાના આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે.

આ પ્રસંગે ભાજપના મહાસચિવ રવિશંકર પ્રસાદે પ્રશ્નના અંદાજમાં પુછ્યું હતું કે, આખરે વાઢેરાએ હરિયાણા અને રાજસ્થાનમાં જ જમીનો કેમ ખરીદી છે. ભાજપે રોબર્ટ વાઢેરાના કારોબારમાં એકાએક વધારા અંગે ખુલાસો કરવા પણ પડકાર ફેંક્યો છે. રવિશંકરે કહ્યું છે કે, હવે તેઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને પ્રશ્ન કરવા માંગે છે કે, રોબર્ટ વાઢેરાના વિકાસ માટે મોડલ શું છે. ભાજપના નેતાએ કહ્યું છે કે, કોંગ્રેસ મોટા મનની વાત કરે છે. આખરે કોંગ્રેસે કયા મોટા મનથી રોબર્ટ વાઢેરાની મદદ કરી છે અને આ મદદથી રોબર્ટ વાઢેરાએ મહાકાય એમ્પાયર સર્જવામાં સફળતા મેળવી છે. રવિશંકરે આક્ષેપ કર્યો છે કે, અશોક ગહેલોતની સરકારના પ્રોત્સાહનના પરિણામે નિયમો બાજુમાં મુકીને વાઢેરાને હજારો એકર જમીન ખુબ સસ્તામાં વેચી દેવામાં આવી હતી. મોડેથી આ જમીનને ખુબ ઉંચી કિંમતે વેચીને જંગી લાભ મેળવી શકાય તેવા પ્રયાસ કરાયા છે. રવિશંકરે કહ્યું હતું કે, જો વાઢેરા આટલા કુશળ બિઝનેસમેન છે તો રાજસ્થાન અને હરિયાણાની બહાર કેમ જમીન ખરીદતા નથી. અમારી બુકલેટમાં લખ્યું છે કે, જનતા માફ કરશે નહીં. દામાદ ગેટ તરીકે કૌભાંડનું નામ આપીને પ્રસાદે કહ્યું હતું કે, પર્યાવરણ કાયદાઓનો ખુલ્લો ભંગ થયો છે. ભ્રષ્ટાચારનો આ કેસ છે. ગાંધી પરિવારે જમીન મેળવવામાં વાઢેરાની મદદ કરી હતી. વાઢેરા માટે ગેરકાયદે જમીન સોદાબાજીનો માર્ગ મોકળો કરવામાં આવ્યો હતો. ભાજપના નેતાએ કહ્યું છે કે, વાઢેરા, સોનિયા ગાંધી અને રાહુલે આક્ષેપોનો જવાબ આપવો જોઈએ. પ્રિયંકાએ સવારમાં મોદીના છપ્પન ઈંચની છાતીના નિવેદનની વાત કર્યા બાદ ભાજપે આ વિડિયો જારી કરી કોંગીમાં ખળભળાટ મચાવ્યો હતો.

ભારત દ્વારા ઈન્ટરસેપ્ટર મિસાઈલનુ પરીક્ષણ થયું

બાલેશ્વર,તા. ૨૭

ભારતે આજે ઈન્ટરસેપ્ટર મિસાઈલનુ સફળ પરીક્ષણ કર્યુંહતુ.

વધારે ઉંચાઉથી પોતાની તરફ આવતી લાંબી રેંજની મિસાઈલોને નષ્ટ કરવામાં સક્ષમ નવી ઈન્ટરસેપ્ટર મિસાઈલનુ સફળ પરીક્ષણ કરી લેવામાં આવ્યું હતુ. ઈન્ટર સેપ્ટર મિસાઈલને બેલાસોરથી આશરે ૧૦૦ કિલોમીટરના અંતરે સ્થિત વિલર આઈલેન્ડ ખાતે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જના લોંચ સંકુલ-૪થી છોડવામાં આવી હતી. સવારે ૯.૧૦ વાગ્યાની આસપાસ આ મિસાઈલ તેના ટાર્ગેટ ઉપર પડી હતી. જાણકાર લોકોએ કહ્યું હતું કે, દુશ્મનો તરફથી આવનાર કોઈપણ મિસાઈલ તરીકે રજૂ કરવામાં આવેલા ટાર્ગેટને નૌકા સેનાના જહાજથી આ મિસાઈલ છોડવામાં આવી હતી. રડારના સંકેત મળ્યા બાદ આ ઈન્ટરસેપ્ટર મિસાઈલને સક્રિય કરવામાં આવી હતી. ત્યારબાદ આ મિસાઈલ સીધીરીતે તેના ટાર્ગેટ ઉપર પડી હતી. સવારે ૯.૦૬ વાગે નૌકા સેનાના જહાજથી ટાર્ગેટને સક્રિય કરવામાં આવ્યા બાદ મિસાઈલને પણ સક્રિય કરવામાં આવી હતી. સફળરીતે ટ્રાયલના ભાગરૂપે તમામ મુખ્ય ઉદ્દેશ્યો પૂર્ણ થયા હતા. ડીઆરડીઓના પ્રવક્તા રવિકુમાર ગુપ્તાએ માહિતી આપતા કહ્યું હતું કે, ઈન્ટરસેપ્ટર મિસાઈલની અસરકારકતા અંગેની માહિતીની ચકાસણી કરવામાં આવી રહી છે. જુદા જુદા રડારમાંથી ડેટા લઈ લેવામાં આવ્યા છે.

અગાઉ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા છ વખત તેના દ્વારા વિકસિત કરવામાં આવેલી ઈન્ટર સેપ્ટર મિસાઈલના પરિક્ષણ કરવામાં આવી ચુક્યા છે. પૃથ્વી એર ડિફેન્સ ઈન્ટર સેપ્ટર મિસાઈલ તેની ક્ષમતા સાબિત કરી ચુકી છે. એડવાન્સ એર ડિફેન્સ ઈન્ટર સેપ્ટર મિસાઈલે ટાર્ગેટ મિસાઈલને તોડી પાડી હતી.

નેતાઓ ઉપર તવાઈ : નવી માર્ગદર્શિકા પંચે જારી કરી

નવીદિલ્હી,તા. ૨૭

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સામે યોગગુરૂ બાબા રામદેવના હનીમૂન સૂચનને લઈને ઉભા થયેલા વિવાદ બાદ ચૂંટણી પંચે આજે આ પ્રકારના સૂચનોને રોકવાના હેતુસર નવી માર્ગદર્શિકા જારી કરી હતી. આ નવી માર્ગદર્શિકામાં વ્યક્તિગતોની અંગત લાઈફ અંગે કોઈ નિવેદન કરવાથી રાજકારણીઓને રોકવાની વાત કરવામાં આવી છે. ચૂંટણી પંચે ચેતવણી આપતા કહ્યું છે કે, જે લોકો વ્યક્તિગતો સામે અંગત પ્રહાર કરશે અથવા તો અશ્લિલ ટિકા ટિપ્પણી કરશે તેમને કાર્યક્રમો યોજવાથી રોકવામાં આવશે. તેમના આદેશોનો ભંગ કરવામાં આવશે તો તેમને કાર્યક્રમો યોજવાની મંજુરી અપાશે નહીં. રામદેવના નામનો ઉલ્લેખ કર્યા વગર ચૂંટણી પંચે સાફ શબ્દોમાં કહ્યું છે કે, કોઈપણ નેતાએ અંગત લાઈફ તરફ દોરી જાય તે પ્રકારના નિવેદન અથવા તો સૂચનો કરવા જોઈએ નહીં. ગેરરીતિમાં ન પડવા પંચે સ્પષ્ટ સલાહ આપી છે. બાબા રામદેવ સામે બે જુદી જુદી એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે. જેમાં એક ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા નોંધવામાં આવી છે. ગઈકાલે લખનૌમાં વિવાદાસ્પદ સૂચન બદલ આ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. રામદેવે કહ્યું હતું કે, રાહુલ ગાંધી હનીમૂન અને પિકનિક કરવા માટે દલિતોના ઘરમાં જાય છે. ચૂંટણી પંચે ચેતવણી આપતા કહ્યું છે કે, ધર્મને આમા સામેલ કરવાની બાબત યોગ્ય રહેશે નહીં. કારણ કે આનાથી લોકોમાં અંધાધૂંધી ફેલાઈ જશે. રાજ્યોમાં મુખ્ય ચૂંટણી અધિકારીઓને આદેશ કરવામાં આવ્યો છે કે, જે લોકો નવેસરની માર્ગદર્શિકાનો ભંગ કરે તે લોકોને ચૂંટણીના ગાળા દરમિયાન કોઈ કાર્યક્રમ યોજવાની મંજુરી આપવામાં ન આવે. હાલમાં જ ચૂંટણી પંચને અંગત પ્રહારોના સંદર્ભમાં શ્રેણીબદ્ધ ફરિયાદો મળી હતી.

રાયબરેલીમાં મોદી ઉપર પ્રિયંકાના તીવ્ર પ્રહાર

દેશને ચલાવવા છપ્પન ઇંચની છાતી નહીં દરિયા જેવું દિલ જોઈએ : પ્રિયંકા

રાયબરેલી,તા. ૨૭

રાયબરેલી અને અમેઠીમાં પોતાની માતા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા

ગાંધી અને ભાઈ રાહુલ ગાંધીના પ્રચારમાં વ્યસ્ત રહીને પ્રિયંકાએ આજે પણ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. પ્રિયંકાએ મોદીના છપ્પન ઈંચની છાતીવાળા નિવેદનને લઈને ટિપ્પણી કરી હતી. પ્રિયંકાએ કહ્યું હતું કે, દેશને છપ્પન ઈંચની છાતીની નહીં બલ્કે મોટા મનની જરૂર છે. દરિયા જેવા મનની દેશને જરૂર છે. પ્રિયંકા ગાંધીએ આક્રમક પ્રચારનો દોર જારી રાખ્યો હતો. રાયબરેલી અને અમેઠીમાં નાની નાની સભાઓ પ્રિયંકા કરી રહી છે. રાયબરેલીમાં આજે એક સભા કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે, સોનિયા ગાંધીને મત આપવાની જરૂર છે. સોનિયા ગાંધીએ આ ક્ષેત્ર માટે મનથી કામ કર્યું છે. રાયબરેલીના લોકો તેમના સમર્પણને જોઈ ચુક્યા છે. પ્રિયંકાએ મોદી ઉપર ટાર્ગેટ કરતા કહ્યું હતું કે, મત આપતી વેળા દેશના ભવિષ્ય અંગે વિચારણા કરવામાં આવે તે જરૂરી છે. આને ચલાવવા માટે દરિયા જેવા મનની જરૂર છે. આને ચલાવવા માટે સત્તાના ક્રૂર બળની નહીં બલ્કે આંતરિત મજબૂતિની જરૂર છે. એક નૈતિક શક્તિની જરૂર છે. આને ચલાવવા માટે પોતાની ક્ષમતાઓને અંદર રાખીને આગળ વધવાની જરૂર છે. ભારતની સંસ્કૃતિને બચાવવા માટે સોનિયા ગાંધી કટિબદ્ધ રહ્યા છે. પ્રિયંકાએ આ ગાળા દરમિયાન ઈન્દિરા અને રાજીવ ગાંધીની શહીદી તરફ ઈશારો કરતા ભાવનાશીલ કાર્ડ રમવાનો પ્રયાસ કર્યો હતો. પ્રિયંકાએ કહ્યું હતું કે, ભારત તેમના દેશ તરીકે છે. ભારતના રક્ષણની જવાબદારી અમારી કટિબદ્ધતા છે. તેમના પરિવારના સભ્યો આને ધર્મ તરીકે ગણે છે.

લખનૌ : બાબા રામદેવના પ્રવેશ પર પ્રતિબંધ લદાયો

નવી દિલ્હી,તા.૨૭

યોગગુરૂ બાબા રામદેવની તકલીફમાં સતત વધારો થઈ રહ્યો છે. રામદેવ ઉપર લખનૌમાં જવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. બાબા રામદેવ હવે ૧૬મી મે સુધી ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌમાં કોઈપણ

પ્રકારના કાર્યક્રમ અને પત્રકાર પરિષદ યોજી શકશે નહીં. જો કે, રામદેવ ઉપર આ પ્રતિબંધ માત્ર લખનૌ જિલ્લામાં અમલી રહેશે. ઉત્તરપ્રદેશમાં પોતાના કાર્યક્રમો તેઓ યોજી શકશે. ચૂંટણી પંચ ખુબ જ આક્રમક મુડમાં છે. બાબા રામદેવની ધરપકડના ભણકારા પણ વાગી રહ્યા છે. કારણ અનુસૂચિત જાતિ પંચ પોલીસને રામદેવની સામે એસસી અને એસટી એક્ટ લાગૂ કરવાના આદેશ આપી શકે છે. બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી પહેલીથી જ રામદેવની ધરપકડની માંગણી કરી ચુક્યા છે. રામદેવ સામે હવે સકંજો વધારે મજબૂત બનાવવામાં આવી રહ્યો છે.

ત્રિમાસિક ગાળાના પરિણામ પર રોકાણકારની બાજ નજર

મુંબઈ,તા. ૨૭

દેશના શેરબજારમાં આગામી સપ્તાહમાં મુડીરોકાણકારોની નજર કંપનીઓ દ્વારા જારી કરવામાં આવનાર પરિણામ પર આધારિત રહેશે. આ ઉપરાંત મુડીરોકાણકારોની નજર આગામી સપ્તાહમાં દેશભરમાં ચાલી રહેલી ચૂંટણી પર કેન્દ્રિત રહેશે. એફઆઈઆઈના આંકડા, વૈશ્વિક બજારના પ્રવાહ અને ડોલરની સામે રૂપિયાની ચાલ પર તમામની નજર રહેશે. ઓઈલ કિંમત પર પણ નજર રાખવામાં આવસે. આગામી સપ્તાહથી રોકાણકારોની નજર કંપનીઓ દ્વારા જારી કરવામાં આવનાર જાન્યુઆરી-માર્ચ ૨૦૧૪ ત્રિમાસિક ગાળા અને વર્ષ ૨૦૧૩-૧૪ના કારોબારી વર્ષના પરિણામની જાહેરાત પર નજર રહેશે. મુડીરોકાણકારો પરિણામની સાથે સાથે આવનાર આવકના અંદાજથી રોકાણકારો તેમની રણનિતિ નક્કી કરશે. પરિણામ જાહેર કરવાની પ્રક્રિયા મેના અંત સુધી જારી રહેશે. સોમવારના દિવસે એસએકએસ, માઈક્રો ફાયનાન્સ, શ્રીસિંમેન્ટના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. મંગળવારના દિવસે ભારતી એરટેલ, એઆએફસીઆઈના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. બુધવારના દિવસે કોટક મહિન્દ્રા અને શુક્રવારના દિવસે રિલાયન્સના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. સામાન્ય ચૂંટણી સાથે સંબંધિત ગતિવિધી તથા તેના પરિણામ પણ બજાર પર અસર કરશે. લોકસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા સાતમી એપ્રિલના દિવસે શરૂ કરવામાં આવી ચુકી છે. વર્તમાન લોકસભાની અવદિ પહેલી જુનના દિવસે પૂર્ણ કરવામાં આવનાર છે. નવી લોકસભાની રચના ૩૧મી મે સુધી કરવામાં આવનાર છે. ભારતીય રીઝર્વ બેંક આગામી નાણાંકીય નિતી સમીક્ષા ત્રીજી જુના દિવસે જારી કરનાર છે. બેંકે પહેલી એપ્રિલના દિવસે તેની નિતી સમીક્ષામાં વ્યાજદરમાં કોઈ ફેરફાર કર્યા ન હતા. અમેરિકી ફેડરલ રિઝર્વની ફેડરલ ઓપન માર્કેટ સમિતી પોતાની મોનિટરી પોલિસી સમીક્ષા ૨૯મી અને ૩૦મી એપ્રિલના દિવસે કરનાર છે.

મોદીથી કોઇ પણ ફાયદો થયો નથી : ગૌત્તમ અદાણી

નવી દિલ્હી,તા. ૨૭

દેશમાં જારી ભીષણ ચૂંટણી જંગમાં નાણાની રાજનીતિના આક્ષેપ પ્રતિઆક્ષેપ ચાલી રહ્યા છે ત્યારે અદાણી ગ્રુપના નામનો પણ ભરપુર ઉલ્લેખ થઈ રહ્યો છે. આવા માહોલમાં અદાણીના વડા ગૌત્તમ અદાણીએ આજે સ્પષ્ટતા કરી હતી કે, ગુજરાતમાં નરેન્દ્ર મોદીની સરકાર તરફથી તેમને કોઈપણ ખાસ લાભ મળ્યા નથી. અદાણીએ કહ્યું હતું કે, તેમના ગ્રુપને ૧૯૯૩માં મૂળભૂત માળખા યોજનાઓ માટે માત્ર બિનઉપયોગી જમીન મળી હતી. બંદરને લઈને ઉર્જા સુધીના ક્ષેત્રમાં સક્રિય અને ૮.૭ અબજ ડોલરની સંપત્તિ ધરાવનાર અદાણી ગ્રુપના વડાએ કહ્યું હતું કે, તેમની કંપનીએ ગુજરાતના દરિયા કાંઠાના ક્ષેત્ર મુંદામાં જમીન અધિગ્રહણની પ્રક્રિયા શરૂ કરી હતી. કુલ ૧૫૯૪૬ એકડ લેન્ડબેંકમાં માત્ર એક તૃત્યાંશ જમીન અધિગ્રહણ પ્રક્રિયા મોદીના શાસનકાળમાં થઈ છે. અદાણીએ એમ પણ કહ્યું હતું કે, કોઈપણ ખેડૂત પાસેથી એક એકડ જમીન પણ લેવામાં આવી નથી. અમે એ વખતે કચ્છમાં ગયા હતા જ્યારે કચ્છ તરફ જોવાની કોઈ વેપારી હિમ્મત પણ કરતા ન હતા. અમે માત્ર બિનઉપયોગી અને રણ જમીન મેળવી છે જે કૃષિ માટે યોગ્ય નથી. અદાણીએ એ જમીન ઉપર દેશના સૌથી મોટા બંદરનું નિર્માણ કર્યું છે.

દિલ હે કી માનતા નહીની રીમેક બનાવવા હિલચાલ

મુંબઈ, તા.૨૭

વિતેલા વર્ષોની સુપરસ્ટાર અભિનેત્રી પુજા ભટ્ટ પણ આગામી પ્રોજેક્ટ ઉપર કામ શરૂ કરી ચૂકી છે. આ પ્રોજેક્ટમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટને લેવામાં આવશે. વિતેલા વર્ષોની ફિલ્મ દિલ હે કી માનતા નહીંની રિમેક બનાવવામાં આવનાર છે. મૂળભૂત ફિલ્મમાં પૂજા ભટ્ટ અને આમિર ખાને ભૂમિકા ભજવી હતી. જો તમામ બાબતો યોજના પૂર્વક આગળ વધશે તો રણબીર અને આલિયા ભટ્ટની જોડી આ ફિલ્મમાં જોવા મળી શકે છે. બીજી બાજુ આલિયા ભટ્ટ પણ રણબીર જેવા મોટા કલાકારને લઈને ફિલ્મ મળવાને લઈને ખૂબ જ ખુશ દેખાઈ રહી છે. આલિયાએ પોતાની કેરિયરની શરૂઆત કરણ જોહરની ફિલ્મ સાથે કરી હતી. હાઈવે ફિલ્મમાં શાનદાર ભૂમિકા બદલ હવે અભિનેત્રી આલિયા ભટ્ટની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. આલિયા ભટ્ટની પ્રશંસા કરનાર કલાકારોમાં હવે યુવા પેઢીના સુપર સ્ટાર રણબીર કપૂર પણ જોડાઈ ગયો છે. રણબીર કપૂરે કહ્યું છે કે આલિયા ભટ્ટની ભૂમિકાથી તે ખૂબ જ પ્રભાવિત થયો છે. એવા અહેવાલ પણ મળી રહ્યા છે કે રણબીરે તેની આગામી ફિલ્મમાં આલિયા ભટ્ટ સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. રોક સ્ટાર અભિનેતાએ કહ્યું છે કે તેની છેલ્લી ફિલ્મની ભૂમિકાથી તે આશ્ચર્યચકિત અને ખુશ છે.

કેદારનાથ મંદિરના દ્વાર ચોથીએ ખુલશે

નવી દિલ્હી,તા. ૨૭

કેદારનાથની યાત્રા આગામી સપ્તાહથી શરૂ થઈ રહી છે. આની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. તૈયારીની ભાગરૂપે લોકોને કોઈ તકલીફ ન પડે તે બાબત તરફ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ગયા વર્ષે વિનાશકારી પુર બાદ આનાથી બોધપાઠ લઈને વહીવટીતંત્રે આ વખતે સુરક્ષા સહિત સાવધાનીના તમામ પગલા લીધા છે. કેદારનાથ મંદિરના દ્વારા ચોથી મેના દિવસે ખુલી જસે. ગયા વર્ષે કુદરતી હોનારતના કારણે અભૂતપૂર્વ નુકસાન થયું હતુ. ખરાબ હવામાનના કારણે આ વખતે પણ તૈયારીમાં વિલંબ થયો છે. પરંતુ હવે મંદિર સંકુળમાંથી બરફને સંપૂર્ણપણે દુર કરી દેવામાં આવતા મોટી તકલીફ દુર થઈ છે. ગૌરીકુન્ડથી કેદારનાથ સુધીના નવા રસ્તાને તૈયાર કરી લેવામાં સફળતા મળી છે. ઉત્તરાખંડના મુખ્યપ્રધાન હરીશ રાવતે કહ્યું છે કે ૩૦મી એપ્રિલની મહેતલ સુધી તમામ તૈયારી સંપૂર્ણ પૂર્ણ થઈ જશે. આ વખતે યાત્રામાં કોઈ અડચણ ન આવે તેવા પ્રયાસ કરવામાં આવનાર છે. કોઈ પણ કુદરતી હોનારતની સ્થિતીમાં તેનો સફળરીતે સામનો કરવા માટે પણ તૈયારી કરી લેવામાં આવી છે. મુખ્યપ્રધાને આની માહિતી આપતા કહ્યું હતું કે ભુકંપગ્રસ્ત વિસ્તારોમાં પોલીસ બ્રિગેડ ઉપરાંત બુલ્ડોઝર પણ રહેશે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના સભ્યો ઉપરાંત આઈટીબીપીના જવાનોને પણ તૈનાત કરવામાં આવનાર છે.

દુરસંચારના મામલે ખાસ તૈયારી કરી લેવામાં આવી છે. પેટ્રોલિંગ્ ને વોચ ટાવર મારફતે સતત યાત્રા રૂટ પર નજર રાખવામાં આવશે. સાતમી મેના દિવસે ઉત્તરાકંડની લોકસભાની પાંચ બેઠક માટે મતદાન યોજાનાર છે. જો કે મુખ્યપ્રધાને કહ્યું છે કે આનાથી યાત્રામાં કોઈ તકલીફ પડશે નહી. તેમણે કહ્યું હતું કે આ રાજ્ય સરકારનુ કામ છે. અમે તમામ તૈયારી કરી ચુક્યા છીએ. બદ્રીકેદાર મંદિર સમિતીના મુખ્ય કારોબારી અધિકારી બીડી સિંહે કહ્યું છે કે મંદિર સંકુળ પૂર્ણ તૈયાર છે. તેમણે દાવો કર્યો હતો કે દસ દિવસ પહેલા સુધી મંદરિ સંકુળમાં છ ફુટ સુધી બરફ જામેલી હતી. પરંતુ હવે બરફને દુર કરવામાં સફળતા મળી ચુકી છે.

૨૦૧૩-૧૪માં એક લાખ નવી કંપનીની નોંધણી થઈ

નવી દિલ્હી,તા. ૨૭

દેશમાં વર્ષ ૨૦૧૩-૧૪માં આશરે એક લાખ નવી કંપનીઓ નોંધાઈ છે. બિઝનેસ સર્વિસ સેક્ટરમાં જંગી મુડી સાથે આ કંપનીઓ એન્ટ્રી કરી ચુકી છે. રસપ્રદ બાબત એ છે કે વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન માત્ર ૨૧૬ વિદેશી કંપનીઓ સ્થાપિત કરવામાં આવી છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા આપવામાં ાવેલા નવેસરના આંકડા દર્શાવે છે કે છેલ્લા નાણાંકીય વર્ષમાં દેશના જુદા જુદા ભાગોમાં ૩૯૦૦૦ કરોડની જંગી મુડી સાથે ૯૮૪૭૩ કંપનીઓની સ્થાપના કરવામાં આવી છે. બિઝનેસ સર્વિસમાં કંપનીઓની હિસ્સેદારી મહત્વપૂર્ણ રહી છે. રીયલ સ્ટેટ, રેન્ટિંગ અને કારોબાર તેમજ જુદા જુદા ક્ષેત્રમાં ઘણી કંપનીઓ મેદાનમાં આવી ચુકી છે. માર્ચ ૨૦૧૪ સુધીના આંકડા જારી કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર, દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં સૌથી વધાર સંખ્યામાં નવી કંપનીઓ સ્થાપિત કરવામાં આવી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન કુલ ૨૧૬ વિદેશી કંપનીઓની નોંધણી કરવામાં આવી હતી. નવી કંપનીઓના આગમનની સાથે જ નોંધાયેલી કુલ કંપનીઓની સંખ્યા આ વર્ષે માર્ચ મહિનાના અંતે વધીને ૧૩૯૪૮૧૯ કરોડ સુધી પહોંચી ગઈ છે. જો કે આ પૈકી માત્ર ૯૫૨૪૩૩ કંપનીઓ જ સક્રિય છે. માર્ચના અંતે દિલ્હીમાં સક્રિય કંપનીઓની મહત્તમ સંખ્યા ૧૮૯૪૪૧ નોંધાઈ છે. મહારાષ્ટ્રમાં ૧૮૮૭૬૮ રહી છે. પશ્ચિમ બંગાળમાં સંખ્યા ૧૩૪૨૯૨ રહી છે. મંત્રાલયના અહેવાલના જણાવ્યા મુજબ ૬૫ ટકા કંપનીઓ પાસે કાયદાકીય દસ્તાવેજો રહેલા છે.

મોદીની સુરક્ષા મામલે કોઈ બાંધછોડ નહીં કરવા અપીલ

નવીદિલ્હી,તા. ૨૭

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાનું કાવતરૂ ત્રાસવાદીઓ ઘડી રહ્યા છે તેવા અહેવાલ આવ્યા બાદ ભાજપના વરિષ્ઠ નેતાઓએ મોદીની સુરક્ષાના મામલે કોઈ બાંધછોડ ન કરવા તમામ સુરક્ષા સંસ્થાઓને અપીલ કરી છે. મોદી હાલમાં એક પછી એક ચૂંટણી સભાઓ કરી રહ્યા છે. મોદી દેશના જુદા જુદા ભાગોમાં પ્રચાર અર્થે પહોંચી રહ્યા છે તેવા સમયમાં મોદીની સુરક્ષાને લઈને ભાજપના નેતાઓ પણ હવે ચિંતા ઉઠાવી રહ્યા છે. ભાજપના નેતાઓ દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત પણ કરી દેવામાં આવી છે. મોદીની પટણા રેલી નજીક સિરિયલ બ્લાસ્ટ થયા બાદ ભાજપનું પ્રતિનિધિ મંડળ કેન્દ્રીય ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેને મળ્યું હતું અને પુરતી સુરક્ષા આપવાની માંગ કરી હતી. શિંદેએ પણ તમામ સુરક્ષાની ખાતરી આપી હતી. નવા અહેવાલ આવ્યા બાદ વધારે ચર્ચા ભાજપના નેતાઓમાં પણ જોવા મળી રહી છે. રાજકીય પંડિતોમાં પણ મોદીની સુરક્ષા અંગે ચર્ચા છે.

અક્ષય તેમજ અજયની ફિલ્મ સાથે રજૂ નહી થાય : રિપોર્ટ

મુંબઈ,તા. ૨૭

બે ટોપના સ્ટાર અક્ષય કુમાર અને અજય દેવગનની ફિળ્મો આ વર્ષે બોક્સ ઓફિસ પર એક સાથે રજૂ કરવામાં આવસે તેવી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો હવે અંત આવ્યો છે. બન્ને ફિલ્મોના નિર્માતા નિર્દેશકોએ પોત પોતાની ફિલ્મ જુદી જુદી તારીખોએ રજૂ કરવાનો નિર્ણય કર્યો છે. જેથી બન્ને ફિલ્મો એક સાથે ટકરાશે નહી. મળેલી માહિતી

મુજબ અક્ષય કુમાર અને સોનાક્ષી સિંહા અભિનિત ફિલ્મ હોલિ ડે છટ્ટી જુનના દિવસે હવે રજૂ કરવામાં આવનાર છે. હોલિ ડે ફિલ્મનુ નિર્દેશન કરી ચુકેલા દક્ષિણ ભારતીય ફિલ્મોના જાણીતા નિર્દેશક એઆર મુરૂગાદાસે માહિતી આપતા કહ્યું છે કે તમામ લોકોની સાથે વાતચીત કરવામાં આવી ચુકી છે. મુરૂગ દાસે અગાઉ આમીરખાનને લઈને સુપરહિટ ફિલ્મ ગજની બનાવી હતી. હોલિવુડ વર્ષ ૨૦૧૨માં રજૂ થયેલી ફિલ્મ થુપક્કીની રિમેક છે. પ્રભુ દેવાના નિર્દેશનમાં અજય દેવગનની ફિલ્મ પણ બની રહી છે. એક્શન જેક્સન નામની ફિલ્મ છટ્ટી જુનના દિવસે રજૂ કરવાની યોજના બનાવવામાં આવી હતી. પરંતુ હવે તેની યોજના ટાળી દેવામાં આવી છે. હોલિડે અને એક્શન જેક્શન ફિલ્મની વિશેષતા એ છે કે આ બન્ને ફિલ્મોમાં અભિનેત્રી તરીકે સોનાક્ષી સિંહા રહી છે. ચર્ચા છે કે એક્શન જેક્સન ફિલ્મ હવે સાતમી નવેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. પ્રભુ દેવાએ કહ્યું છે કે અમે ૮૦ ટકા શુટિંગ પૂર્ણ કરી ચુક્યા છીએ. ફિલ્મને રજૂ કરવાની કોઈ ઉતાવળ નથી.

તમામ બાબતોને ધ્યાનમાં લઈને ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. પ્રભુ દેવા હવે પોસ્ટ પ્રોડક્શન પર કામ કરી રહ્યો છે. પ્રભુ દેવા નવી ફિલ્મની પટકથા પર પણ કામ કરી રહ્યો છે. જેમાં મુખ્ય ભૂમિકા અક્ષય કુમાર અદા કરે તેવી શક્યતા છે. જો કે ફિલ્મના અન્ય કલાકારોની પસંદગી કરવામાં આવી નથી. ટુંક સમયમાં આની જાહેરાત કરવામાં આવશે. પ્રભુ દેવા મૂળભૂત રીતે મસાલા ફિલ્મો માટે જાણીતા રહ્યા છે.